ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૮ ટકા
ગાંધીનગર તાપમાન

# મોંઘવારી આસમાને પહોંચતાં મધ્યમવર્ગ ભીંસમાં

## રાંધણ ગેસ, દૂધ, શાકભાજી, તેલ તથા કરિયાણામાં ભાવવધારો આસમાને

ગાંધીનગર, તા.૨૩

જેમ જેમ ૨૦૨૧નું વર્ષ આગળ વધતું જાય છે તેમ તેમ મોંઘવારીનું મોઢું વધુને વધુ વિકરાળ થતું જાય છે. પેટ્રોલ-ડીઝલ મોંઘા શાકભાજી-કઠોળ, તેલ, મોંઘા, હવે તો દૂધ અને રાંધણગેસ પણ મોંઘા થયા છે. છેલ્લા ત્રણ મહિનામાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કિંમતો પર મોંઘવારીએ એટલો મોટો અજગર ભરડો લીધો છે કે મધ્યમવર્ગીય માણસોને ઘર ચલાવવું કઈ રીતે તેજ સમજાતું નથી. એક પણ દિવસ એવો નથી ઉગી રહ્યો કે જયારે પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો નિરાશા લઈને ન આવ્યો હોય. મોંઘવારીના કારણે ગરીબ અને થવાથી સામાન્ય માણસોના ખીસ્સા પર બોજ વધ્યો છે. રોજેરોજ એક પછી એક ચીજોમાં ભાવ વધારો થઈ

**જીવન જરૂરિયાત ચીજવસ્તુઓના ભાવમાં વધારો**

- રાંધણ ગેસ સિલિન્ડર - ૮૬૧ રૂપિયા
- પેટ્રોલ - ૯૮.૭૯ રૂપિયા પ્રતિ લિટર
- ડિઝલ - ૯૬.૯૫ રૂપિયા પ્રતિ લિટર
- સીંગતેલ - ૨૫૨૦ રૂપિયા ડબ્બો
- કપાસીયા તેલ - ૨૪૬૦ રૂપિયા ડબ્બો
- સૂર્યમુખી તેલ - ૨૨૫૦ થી ૨૩૦૦ રૂપિયા ડબ્બો

મધ્યમવર્ગની હાલત કફોડી બની ગઈ છે અને આ વર્ગની આર્થિક કમર તૂટી ગઈ છે. રાંધણગેસ મોંઘા રહ્યો છે. લોકોમાં પ્રચંડ આક્રોશ છતાં સરકારના પેટનું પાણી હલતું ન હોય તેમ મોંઘવારીનો ડામ અપાતો રહ્યો છે. આજે ગાંધીનગરમાં પેટ્રોલનો ભાવ ૯૮.૭૯ પ્રતિ લિટર અને




ડિઝલનો ભાવ ૯૬.૯૫ પ્રતિ લિટર નોંધાયો છે.

હવે સરકારી ઓઈલ કંપનીઓએ રાંધણ ગેસના ભાવ પણ વધાર્યા છે. રાંધણ ગેસનો ભાવ ૮૬૧ રૂપિયા તથા ગૃહિણીઓ માટે ચિંતા વધવા પામી છે. ઓછી આવક સામે મધ્યમ વર્ગના પરિવારમાં જીવન જરરિયાતની વસ્તુના ખર્ચા વધતા મુશ્કેલીઓ ઉભી થઈ છે. બેફામ બનેલી સરકારી કંપનીઓની સામે પ્રચંડ જનાક્રોશ જોવા મળી રહ્યો છે. કોરોના મહામારીએ મધ્યમ, ગરીબ વર્ગોના લોકોની હાલત કફોડી કરી નાંખી છે. તેવામાં સરકાર પણ નિરંકુશ બની છે. જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો કરવામાં આવ્યો છે. ફળ, ફૂલ શાકભાજીના ભાવ પણ વધી રહ્યા છે. એકંદરે ભાવ વધારાના આકરા ડામથી જન સામાન્ય મોંઘવારીમાં પીસાઈ રહી છે.

## જીઆઈડીસી ખાતે ગેઝીયા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જીઆઈડીસી ઈલેક્ટ્રોનિકસ એસ્ટેટ ગેઝીયામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગાંધીનગર દ્વારા કલેકટરની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેકટરશ્રી ગેઝીયાના પ્રમુખ ડૉ. સમીર ત્રિવેદી, સેક્રેટરી નિતેષભાઈ પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં જનરલ મેનેજર રિકેનભાઈ શાહ, ગાંધીનગર વન વિભાગના જિલ્લા વન અધિકારી એસ.એચ. ડામોર અને ગેઝીયા કમિટીના મેમ્બરો તેમજ બોર્ડ ઓફ ડાયરેકટર્સ હાજર રહ્યા હતા તેમણે જીઆઈડીસી વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો રોપી તેનો ઉછેર કરવાનો સંકલ્પ લીધો હતો.

## બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઓનલાઈન ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રે મહત્વપૂર્ણ પદ પર કાર્યરત રહી પોતાની સેવા આપી રહ્યા છે. કોલેજના દ્વિતીય વર્ષના ૨૩૦ વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક કંપનીની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ સમગ્ર મુલાકાત દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. અને કંપનીના પ્રતિનિધિ યોગેન્દ્ર સાઈની (ઓપરેશન અને એચઆર હેડ)ને આવકાર્યા હતા. ડૉ. જયેશ તન્ના (ઉપાચાર્ય) દ્વારા કંપનીના



પ્રતિનિધિનો પરિચય આપ્યો હતો. ક્રિએટવ ફોર્જ પ્રા. લિમિટેડ એ પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. જેની વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન મુલાકાત કરાવી હતી. આ કંપનીમાંથી કૃષિ સાધનો, રીક ડ્રિલિંગ, હાર્ડવેર વગેરે ઉત્પાદન થાય છે. સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીનું જ્ઞાન મેળવ્યું હતું. કોલેજ દ્વારા આયોજીત આ વિઝિટ વિદ્યાર્થીઓમાં ધંધો તેમજ ધંધાના સંચાલનનું કૌશલ્ય શીખે છે. વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકોનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિ (આચાર્ય)નાં માર્ગદર્શન હેઠળ અને કોલેજ પરિવાર દ્વારા સફળ બન્યો હતો.

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હિંડોળા મહોત્સવનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૩

શ્રીમદ્ ભાગવત પુરાણ સમયથી ચાલી આવતી આ હિંડોળા મહોત્સવની પરંપરાના આજે પણ મંદિરોમાં આપણને દર્શન થાય છે. અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ એક મહિનો ચાલનારા હિંડોળા મહોત્સવમાં ભગવાનને હિંડોળે ઝુલાવવામાં આવે છે. હિંડોળા મહોત્સવમાં આપણને પ્રભુમાં ભક્તિ, શ્રધ્ધા, સેવા, સમર્પણ અને કલાના દર્શન થાય છે. સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિવર્ષ હિંડોળા મહોત્સવ ખુબજ ભક્તિ ભાવથી ઉજવાય છે. આ મંદિરમાં હિંડોળા દર્શનનું વિશેષ આકર્ષણ ભાવિકોમાં રહેલું છે. તા.૨૫.૦૭.૨૦૨૧ ને રવિવારથી શરૂ થતા હિંડોળા મહોત્સવનાં વર્તમાન સમયે સ્વાસ્થ્ય સુરક્ષાના હેતુથી સરકારશ્રીના નક્કી કરેલા નિયમોના પાલન સાથે સાંજે ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ભાવિકો દર્શનનો લાભ લઈ શકે છે.

## સમર્પણ પબ્લિક સ્કૂલમાં શાળા ગીતનું અનાવરણ કર્યુ



ગાંધીનગર, તા. ૨૩

સમર્પણ કોમર્સ તેમજ આર્ટસ કોલેજના ૨૫ વર્ષ પૂર્ણ થયાના રજત મહોત્સવના ઉપક્રમે શાળા ગીતનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ગીતનું સ્વરાંકન સમીરભાઈ ભટ્ટ અને રવિન નાયક દ્વારા કરાયું છે. આ કાર્યક્રમમાં એસ.બી. વોરા (પૂર્વ વાઈસ ચાન્સેલર ગુજરાત યુનિવર્સિટી) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા અને વિજય પંડ્યા, મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, ડૉ. એમ.ડી. પાંડે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ આચાર્ય અને વિદ્યાર્થીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતુ.




જલારામ મહિલા મંડળ સે. ૨૯ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે આર.ટી.ઓ. પાસે શ્રમિક બાળાઓને ફળાહાર અને શ્રૃંગારની વસ્તુઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ નીતાબેન ધોકાઈ અને મંત્રી ઉષા જી. ઠક્કર તથા કારોબારીના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## પોષ્ટ કચેરીઓમાં કનેકટીવીટીની સમસ્યા અંગે રજુઆત કરાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર હેડ પોષ્ટ કચેરી ખાતે આજરોજ પોષ્ટલ ફોરમની બેઠક પોષ્ટ માસ્તર એચ.પી.ઓ. એચ.બી. ગજ્જરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં અરુણ બુચ, કાંતિભાઈ વ્યાસ સહિત સભ્યોએ કનેકટીવીટી સહિતની સમસ્યાઓની રજુઆત કરી હતી.

ગાંધીનગરની હેડ પોષ્ટઓફિસથી શરુ કરી તમામ પોષ્ટ કચેરીઓમાં વાયફાયની કનેકટીવીટી મળતી ન હોવાથી ગ્રાહકોએ કાઉન્ટર પરની કામગીરીમાં રાહ જોવી પડે છે અને ધક્કા ખાવા પડે છે.

આ મુશ્કેલી નિવારવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરુણ બુચ, મયુર વ્યાસ, કીશોર જીકાદરા, પ્રદિપ સોલંકી સહિત સૌએ લેખિત સ્વરૂપમાં તા. ૧૧-૧૦-૨૦૧૮થી રજુઆત કરેલી હોવા છતાં કનેકટીવીટી મળતી ન હોવાની ફરિયાદ યથાવત રહેવા પામી છે જેથી પોષ્ટલફોરમમાં રજુઆત કરી હતી અને વડી કચેરીને પણ રજુઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત સે-૬ની પોષ્ટઓફિસનું નવું મકાન આપવા તથા સે-૭ પોષ્ટકચેરીને વધારાનું મકાન ફાળવેલ છે તે પરામર્શ કરી ઘટતું કરવા રજુઆત કરવામાં આવી હતી.

## સેકટર-૨૩ બગીચા ખાતે જાયન્ટસ ગૃપ દ્વારા લીમડાનાં વૃક્ષોની વાવણી કરાઈ




ગાંધીનગર, તા.૨૩

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર તથા સાહેલીની ટીમ દ્વારા વિરાટનગર સોસાયટી સે-૨૩ના ગાર્ડનની પાછળના ખુલ્લા મેદાનમાં વર્મિ કંપોજ ખાતર નાંખી ૧૦૧ લીમડાના વૃક્ષોની વાવણી કરી હતી. ટ્રી ગાર્ડ મુકી પાણી સિંચાઈની વ્યવસ્થા ગોઠવી ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવામાં ભાગીદાર બન્યા હતા. જેમાં જાયન્ટસ ગૃપના પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ, સેક્રેટરી નટુભાઈ પટેલ તેમજ સાહેલી ગ્રુપનાં પ્રમુખ તથા કોર્પોરેટર નીલાબેન શુકલ વગેરે ઉત્સાહી ભાઈઓ-બહેનોએ હાજરી આપી 'વૃક્ષ વાવો જીવન બચાવો' સુત્ર ઉજાગર કરી આ ટ્રી પ્લાન્ટેશન પ્રોગ્રામને ખૂબ સફળ બનાવ્યો હતો.

## આઈઆઈટી ગાંધીનગરના ફેકલ્ટીની ભારતીય વિજ્ઞાન એકેડેમીમાં એસોસિએટ તરીકે પસંદગી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના પાલજ ખાતેની ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન -આઈઆઈટીના કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના સહાયક પ્રોફેસર પ્રો.નીલધારા મિશ્રાની બેંગલુરુની ભારતીય વિજ્ઞાન એકેડેમીના એસોસિએટ તરીકે પસંદ કરવામાં આવી છે. તેમની એસોસિએટશીપનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૪ સુધીનો રહેશે જે દરમિયાન તે એકેડેમીની વાર્ષિક અને મધ્ય-વર્ષીય બેઠકોમાં ભાગ લઈ શકશે અને વિવિધ પ્રવૃત્તિઓમાં ફાળો આપી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સિસની સ્થાપના ૧૯૩૨માંસર સીવીરમણ દ્વારા કરવામાં આવી હતી અને તેની ગણના વિજ્ઞાનના ઉદ્દેશ્યની પ્રગતિને પ્રોત્સાહન આપવા અને તેના રક્ષણ માટે સક્રિય રીતે



કાર્યરત દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં થાય છે. ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સિસ દ્વારા એસોસિએટ્સ પ્રોગ્રામની શરૂઆત ૧૯૮૩માં કરવામાં આવી હતી. તેનો હેતુ ભારતમાં કાર્યરત પ્રતિભાશાળી યુવાન વૈજ્ઞાનીઓને શોધીને તેમને આઈએએસસીની પ્રવૃત્તિઓમાં સામેલ થવા અને ભારતીય વિજ્ઞાન સમુદાય સાથે પરસ્પર આપ-લે માટે પ્રોત્સાહિત કરવાનો છે. દર વર્ષે એકેડેમી ચોક્કસ સંખ્યામાં પ્રતિભાશાળી યુવા વૈજ્ઞાનીઓની એસોસિએટ્સ તરીકે પસંદગીકરે છે. પ્રો. નીલધારા મિશ્રા ૨૦૨૧માં દેશભરમાંથી પસંદ થયેલા ૧૧ એસોસિએટ્સમાંના એક છે. પ્રો. મિશ્રાનું સંશોધન કાર્ય એલ્ગોરિધમ્સ, કમ્પ્યુટેશનલ સોશિયલ ચોઈસ, એક્સ્ટર્નલ કોમ્બીનેટરિકસ, કોમ્બીનેટરિયલ ગેમ થીયરી વગેરે પર કેન્દ્રિત છે.

## કેએસવી સંચાલિત પત્રકારત્વ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન છેલ્લાં નવ વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના અનુભવી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજયના ખ્યાતનામ મિડિયાકર્મીઓ પોતાની સેવા આપી રહ્યાં છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે પ્રેસ-મિડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યાં છે અને સમાજમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે.

પત્રકારત્વના આ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એંકરિંગ, વૉઈસ ઑવર, વૉઈસ મૉડ્યુલેશન, ડબિંગ અને કેમેરા ફેસિંગની પ્રેકટિકલ ટ્રેનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરિકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કેએસવીમાં પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે. કોઈપણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજયુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. આ કોર્સમાં પ્રવેશ માટે ગાંધીનગરના સે.૧૫ ખાતે એલ.ડી.આર.પી. કેમ્પસમાં કેએસવી ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેશ મોદીનો મો.નં.૮૪૦૧૮૬૩૨૨૯ પર સંપર્ક સાધી શકાશે.

## જન્મદિને વધામણી


રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬


મીરા અલ્પેશકુમાર પ્રજાપતિ


ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮


પ્રેમલ શૈલેષકુમાર ઠાકોર
મો. ૮૩૪૭૮ ૭૦૮૫૪


અર્ચન આશિષ ઠાકર


શ્રીમાળી અલ્પેશકુમાર બી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮


મીત
મો. ૯૮૨૪૮ ૫૬૬૯૦


ધૈર્ય રીતેષ સુખડિયા


હર્ષ પુરોહિત
મો. ૬૩૫૪૫ ૬૭૪૨૯

## જિલ્લામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૩

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તક ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ગાંધીનગર દ્વારા રક્ષાબંધન વિષય સાથે ગાંધીનગર શહેર અને ગ્રામ્યના બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાનાર છે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી કુ. તેજલ ચૌહાણ દ્વારા આ વિશે વાત કરતા જણાવાયુ છે કે કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં લેતા તમામ સ્પર્ધકોએ એ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર પોતાની કૃતિ તૈયાર કરીને માઉન્ટીંગ કરાવ્યા બાદ તા. ૧૩ સપ્ટેમ્બર સુધીમાં બપોરે ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત કચેરી ખાતે મોકલી આપવાની રહેશે. કૃતિ પાછળ સ્પર્ધકે નામ, સરનામું, શાળાનું નામ, મોબાઈલ નંબર, આધારકાર્ડ કે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અને બેંક ખાતાની ઝેરોક્ષ જોડવાની રહેશે. વર્ષ ૮ થી ૧૩ના બાળકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ૩ ચિત્રની જિલ્લા કક્ષાએ પસંદગી થયા બાદ રાજયકક્ષાએ ચિત્રો મોકલાશે અને તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલાભવન એલિસબ્રિજ અમદાવાદ ખાતે રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધાનું આયોજન બપોરે ૧૧ થી ૫ દરમિયાન કરવામાં આવશે. જેમાં સમગ્ર રાજયમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજયકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે જે પૈકી ૧૦ વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.

રાજયકક્ષાના વિજેતા ૧૦ કલાકાર પૈકી પ્રથમને ૨૫,૦૦૦, દ્વિતિયને ૧૫,૦૦૦, તૃતીયને ૧૦,૦૦૦ તથા અન્ય સાત વિજેતાઓને ૫૦૦૦ રૂપિયા આશ્વાસન ઈનામ સાથે તમામ વિજેતાઓને ડ્રોઈંગ કીટ અપાશે.

આ તમામ માહિતી ઉપરાંત જિલ્લા યુવક વિકાસ અધિકારી દ્વારા જણાવાયું છે કે આ સ્પર્ધામાં કોઈ પણ વ્યકિતની મદદ વગર ચિત્ર દોરી તા. ૧૩ સપ્ટેમ્બર બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત કચેરી, સહયોગ સંકુલ 'સી' વીંગ, છઠ્ઠોમાળ ગાંધીનગર ખાતે સ્પર્ધકોએ પહોંડવાના રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો youthofficergandhinagar.wordpress.com પર અથવા કચેરી પરથી મેળવી શકાશે.



ગાંધીનગરની એસ.એસ.વી. પ્રાથમિક શાળા વિભાગના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ગેસ કે ઓવનના ઉપયોગ વગર બિસ્કીટ, પીઝા બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં બાળકોએ અલગ અલગ બિસ્કિટમાંથી સ્વાદિષ્ટ પીઝા બનાવ્યા અને તેનો આનંદ માણ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર નાગજીજી મસાજી, ઉ.વ. ૪૦, બાલવા, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. મેવાડા ધીરજલાલ નારાયણદાસ, ઉ.વ. ૭૨, રાયસણ
- સ્વ. યાદવ જયેશ વિજયકુમાર, ઉ.વ. ૧૭, કુડાસણ